**તાપમાન**
મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૦.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૧ ટકા ● સાંજે ૪૬ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૨૨૨ | ૨૨ ઓક્ટોબર, ૨૦૧૬, શનિવાર ; આસો વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# જીવન જરૂરી ચીજો જીએસટીમાં ટેક્સ ફ્રી રહેશે



## પહેલી એપ્રિલથી નવી ટેક્સ વ્યવસ્થા અમલી કરાશે : મીઠુ, બ્રેડ, ફળફળાદિ, શાકભાજી, ઇંડા, દૂધ, દહીં, બ્લડ, ધાર્મિક સ્થળ પર વેચાનાર પ્રસાદ અને ગર્ભનિરોધક વસ્તુઓ પર કોઇ ટેક્સ લાગૂ કરાશે નહીં

નવી દિલ્હી,તા. ૨૧

સામાન્ય ઉપયોગની ચીજવસ્તુઓ અને સેવા જીએસટીમાં પણ ટેક્સ ફ્રી રહેશે તેવા સંકેત મળી રહ્યા છે. પ્રાપ્ત અહેવાલ મુજબ મીઠુ, બ્રેડ, ફળ, શાકભાજી, દુધ, દહી, માનવ બ્લડ, ધાર્મિક સ્થળો પર વેચવામાં આવતા પ્રસાદ, રાષ્ટ્રધ્વજ, કુમકુમ, સિન્દુર, કાંચની ચુડિઓ અને ગર્ભનિરોધક પર હાલમાં કોઈ પણ ટેક્સ નથી. ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સની નવી વ્યવસ્થામાં પણ તેના પર કોઈ ટેક્સ લાગુ કરવામાં આવે તેવી શક્યતા ઓછી છે. આગામી વર્ષે પહેલી એપ્રિલથી જીએસટી વ્યવસ્થા અમલી કરવામાં આવનાર છે. નવી વ્યવસ્થામાં કેટલીક જરૂરી સેવાને પણ ટેક્સની રાહત મળી શકે છે. જીએસટી રેટ માળખુ તૈયાર કરી લેવામાં આવ્યા બાદ રાજ્યો અને કેન્દ્ર સરકારના અધિકારી રાહત મળી શકે તેવી વસ્તુઓની યાદી તૈયાર કરશે. એક સરકારી અધિકારીએ કહ્યુ છે કે છુટવાળી વસ્તુઓની પસંદગી કરવામાં આવનાર છે. જે વસ્તુઓ પર વેલ્યુ એડેડ ટેક્સમાં રાહત મળેલી છે તે વસ્તુઓ ટેક્સ મર્યાદાની બહાર રહે તેવી શક્યતા દેખાઈ રહી છે. જો કે રાહત મળી રહેલી વસ્તુઓની સંખ્યામાં મોટો ઘટાડો કરવામાં આવી શકે છે. જીએસટી હેઠળ ટેક્સની જાળ વધારે વિસ્તૃત કરવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. નવી ટેક્સ વ્યવસ્થાની છેલ્લા કેટલાક સમયથી ચર્ચા છે. હાલમાં જુદા જુદા સ્લેબની ભારે ચર્ચા છે. જો કે અંતિમ ચિત્ર થોડાક દિવસમાં સ્પષ્ટ થાય તેમ માનવામાં આવે છે. કેટલીક જરૂરી સેવાઓને પણ લિસ્ટમાં સામેલ કરવામાં આવી શકે છે.

રાહત આપનાર વસ્તુઓ ઉપર કોઈ ટેક્સ લાગૂ થશે નહીં પરંતુ તેમના ઉપર ઈનપુટ ટેક્સ ક્રેડિટ પણ

● અનુસંધાન પાન-૭ પર

# આજે પ્રધાનમંત્રી ગુજરાત આવે છે

## મોદીની ઉપસ્થિતિમાં વડોદરામાં આજે દિવ્યાંગોનું વિશેષ સન્માન

અમદાવાદ, તા.૨૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી ૨૨મી ઓક્ટોબર શનિવારે વડોદરા આવશે. જ્યાં આંતરરાષ્ટ્રીય એરપોર્ટનું ઉદ્‌ઘાટન કરશે અને નવલખી ગ્રાઉન્ડ પર જાહેરસભા કરશે. મોદી આવતીકાલે વડોદરામાં સામાજિક અધિકાર કેમ્પમાં દિવ્યાંગોનું સન્માન કરશે જેમાં મોદીની ઉપસ્થિતિમાં દિવ્યાંગોને એડીઆઈટી યોજના હેઠળ સહાયક ઉપકરણોનું વિતરણ થશે. આ કાર્યક્રમમાં ગુજરાતના રાજ્યપાલ ઓપી કોહલી, ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી, સામાજિક ન્યાન અને સશક્તિકરણ મંત્રી થાવરચંદ ગહેલોત, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ ઉપસ્થિત રહેશે. ૧૫૯માં એડીઆઈટી કેમ્પમાં અગાઉથી જ ઓળખ કરાયેલા ૧૦ હજારથી વધારે દિવ્યાંગ લાભાર્થીઓને આધુનિક સહાય ઉપકરણો આપવામાં આવશે. આ ઉપરાંત નિર્માયા હેલ્થ ઈન્સ્યોરન્સ સ્કીમ ઓફ નેશનલ ટ્રસ્ટના ઈ કાર્ડ, એનએચએફડીસી દ્વારા લોન અને કૌશલ્ય તાલીમ પ્રમાણપત્રોનું વિતરણ કરવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર
































